# આપણી વાત



■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

## એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત કાવ્યશિબિર

તા. ૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ 'એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ' અંતર્ગત શ્રી યોગેશભાઈ જોષીએ અછાંદસ વિશે વિગતવાર ઉદાહરણો સાથે ચર્ચા કરી હતી. ત્યાર બાદ દરેક બહેનોએ પોતાની સ્વરચિત રચનાનું પઠન કર્યું હતું. દરેક રચનાના પઠન સાથે એના વિશેની ચર્ચામાં યોગેશભાઈની સાથે સાથે પ્રફુલ્લભાઈ રાવલ અને પારુલબહેન દેસાઈએ ભાગ લઈ સહુ બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ શિબિરમાં વડોદરા, રાજકોટ અને અમદાવાદની કુલ ૩૫ બહેનોએ ઉત્સુકતાથી ભાગ લીધો હતો અને સુંદર પ્રતિભાવ આપ્યો હતો. એકંદરે આ શિબિર ખૂબ સફળ રહી.

**પારુલ બારોટ**

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પરિષદ પ્રકાશન શ્રેણી' અંતર્ગત પ્રકાશિત પુસ્તક 'વિદ્યાબહેન નીલકંઠ : ગુજરાતની નારીચેતનાના અગ્રેસર' વિશેનો વિમોચનનો કાર્યક્રમ તા. ૨૭-૨-૨૦૧૬ના રોજ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે સૌને આવકાર આપીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. જેમાં સંપાદકશ્રી સુકુમાર પરીખે સંભારણાં તાજાં કર્યાં હતાં. શ્રી મધુસૂદન પારેખે 'વ્યક્તિત્વ અને વાઙ્મય' વિશે વક્તવ્ય આપ્યું હતું. પરિષદપ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી માર્ગી હાથીએ કર્યું હતું. શ્રીમતી શૈલજા પરીખે આભારદર્શન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પરિષદ પ્રકાશન શ્રેણી' અંતર્ગત પ્રકાશિત પુસ્તક 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૭' વિશેના વિમોચન અને વક્તવ્યનો કાર્યક્રમ તા. ૫-૩-૨૦૧૬ના રોજ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં શ્રી રમણ સોનીએ સમીક્ષાત્મક વક્તવ્ય આપ્યું હતું. ઉષાબહેન ઉપાધ્યાયે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ સંપાદકીય વક્તવ્ય આપ્યું હતું. શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું.

તા. ૧૬-૩-૨૦૧૬ના રોજ રવીન્દ્ર ભવન અંતર્ગત આવિષ્કાર એકેડેમી પ્રસ્તુત : 'રવીન્દ્ર ગુર્જરી'ની DVDના સ્ક્રિનિંગનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

## સાહિત્યવૃત્ત

'દર્શક ફાઉન્ડેશન' અંતર્ગત મધુસૂદન કાપડિયાનાં બે પુસ્તકોના આસ્વાદનો કાર્યક્રમ પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં ૮મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સાંજે પાંચ વાગે યોજાયો હતો. જેમાં 'મારી છાજલીએથી' વિશે ચંદ્રકાન્ત શેઠે અને 'વત્સલનાં નયનો' વિશે સતીષ વ્યાસે આસ્વાદ-વક્તવ્યો આપ્યાં હતાં.

તા. ૫-૨-૨૦૧૬ના રોજ 'દર્શક ફાઉન્ડેશન' અંતર્ગત શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકકૃત 'વહીવટની વાતો' વિશે શ્રી વસંત ગઢવીએ અને કંદર્પ ર. દેસાઈકૃત નવલકથા 'આજની ઘડી તે' વિશે શ્રી રમેશ ર. દવેએ વક્તવ્યો આપ્યાં હતાં.

તા. ૨૧-૨-૨૦૧૬ના રોજ સાંજે ૫-૦૦ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં કવિશ્રી નિરંજન ભગત અને રઘુવીર ચૌધરીની ઉપસ્થિતિમાં કવિશ્રી લાભશંકર ઠાકરને સ્મરણાંજલિ અર્પતો એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સર્વશ્રી ચિનુ મોદી, રાધેશ્યામ શર્મા, રમેશ શાહ, નૌશિલ મહેતા, પ્રબોધ પરીખ, અતુલ ડોડિયા, સરૂપબહેન ધ્રુવ, દલપત પઢિયાર, પરેશ નાયક અને રઘુવીર ચૌધરીએ કવિશ્રી લાભશંકર ઠાકરને સ્મરણાંજલિ આપી હતી. કવિશ્રી હર્ષદ ત્રિવેદીએ સંચાલન કર્યું હતું.

તા. ૧૫થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ના સમયખંડમાં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી ખાતે સાહિત્યોત્સવ ઊજવવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાંથી શ્રી ભગવાનદાસ પટેલે 'અલિખિત સાહિત્ય – મૌખિક પરંપરા' બેઠકના અધ્યક્ષપદેથી 'ભીલ આદિવાસી મૌખિક પરંપરા' વિશેનો લેખ રજૂ કર્યો હતો. અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર 'અભિવ્યક્તિ કી સ્વતંત્રતા' પરની બેઠકના અધ્યક્ષ હતા.

તા. ૨૪-૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં 'આદિવાસી લોકસાહિત્ય એવં સંસ્કૃતિ' વિષય પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.

નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજમાં ચરોતરના બે મહાન સર્જકો શ્રી યશવંત શુક્લ અને જશવંત ઠાકરની જન્મશતાબ્દીઓનો મહોત્સવ ગરિમાપૂર્ણ રીતે ઊજવાઈ ગયો.

તા. ૨૪-૨-૨૦૧૬ના રોજ ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજાતી આ વ્યાખ્યાનશ્રેણીના ૨૩૮મા વ્યાખ્યાન અંતર્ગત શ્રી ચંદ્રકાન્ત શેઠે 'કવિ પ્રેમાનંદ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

પ્રિયદર્શિની એકેડમી દ્વારા સાહિત્યક્ષેત્રના એવૉર્ડ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના સાહિત્યકાર રાધેશ્યામ શર્માનું 'ચંદાબહેન મોહનભાઈ પટેલ એકેડેમી ગુજરાતી લિટરરી એવૉર્ડ' આપી સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૨૧-૨-૨૦૧૬ના રોજ શ્રી શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા, વિશ્વભાષા દિવસે ડૉ. જયાનંદ જોશી, સ્વ. શંકરભાઈ તડવી, શ્રીમતી રેવાબહેન તડવી તથા પ્રા. કાનજી પટેલનું 'શિવમ એવૉર્ડ સન્માન' આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.